અલ્લાહ "હય્યુન કરીમુન" અર્થાત્ હયાદાર અને કરમ કરવાવાળો છે, તેને એ વાતથી શરમ આવે છે કે જ્યારે કોઈ બંદો તેની સામે હાથ ફેલાવે છે તો તેને ખાલી હાથ નિરાશ મોકલે

સલમાન રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: નબી صلى الله عليه وسلمએ કહ્યું: «અલ્લાહ
"હય્યુન કરીમુન" અર્થાત્ હયાદાર અને કરમ કરવાવાળો છે, તેને એ વાતથી શરમ આવે છે કે
જ્યારે કોઈ બંદો તેની સામે હાથ ફેલાવે છે તો તેને ખાલી હાથ નિરાશ મોકલે».
[હસન] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહ અને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહ અને ઈમામ ઈબ્ને માજહ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી صلى الله عليه وسلمએ દુઆ દરમિયાન હાથ ઉઠાવવા પર ઊભાર્યા છે, અને જણાવ્યું કે પવિત્ર અલ્લાહ (હય્યુન) ખૂબ જ હયાદાર છે, અને તે આપવાનું છોડતો નથી, અને તે બંદા સાથે તે જ વ્યવહાર કરે છે, જેનાથી તે ખુશ થાય છે, અને તેને નુકસાનમાં નથી છોડતો, અને તે (કરીમ) અર્થાત્ તે સવાલ કર્યા વગર આપનાર છે તો પછી સવાલ કરવા પર કેમ ન આપે! તેણે પોતાના મોમિન બંદાથી શરમ આવે છે કે તે દુઆ માટે હાથ ઉઠાવે અને તે પોતાના હાથ નિરાશ અને ખાલી નીચે કરી દે.

https://sunnah.global/hadeeth/gu/show/5499